**કાર્યપાલક ઈજનેર**
**પબ્લીક ઈન્ફ્રા. સેલ**

**સુરત મહાનગરપાલિકા**
**પબ્લીક ઈન્ફ્રા. સેલ,**
શાળા નં. ૧૬, સોહમ સર્કલ પાસે,
અલથાણ કેનાલ રોડ, અલથાણ, સુરત.

---

**પ્રતિ,** (સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૫૯૬/૨૦૨૪,
તાઃ ૧૧.૧૦.૨૦૨૪થી એમ્પેનલ્ડ કરવામાં
આવેલ ઈજારદારશ્રીઓ)
..............................................
..............................................

**પી.આઈ.સી/ આ. નં. ૧૩૦૮**
**તા. ૩૦.૧૦.૨૦૨૪**

**વિષયઃ–** સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર કેમ્પસ ખાતે ભારત સરકારનાં જલશકિત મંત્રાલયના જળ શકિત અભિયાન Catch The Rain : Where It Falls When It Falls ઝુંબેશ હેઠળ હોસ્ટેલ – પ્લે ગ્રાઉન્ડ એરીયામાં કુલ ૦૩ (ત્રણ) સ્થળ અનુક્રમે ૧. પી.જી હોસ્ટેલ ગાર્ડન એરીયા (બોર નં. ૨, લાયબ્રેરીના પાછળના ભાગમાં), ૨. પ્લે ગ્રાઉન્ડ એરીયા, નાઈટ શેલ્ટર પાસે તથા ૩. કોલેજના એ બ્લોકની પાછળ, એનીમલ હાઉસ પાસે ગ્રાઉન્ડ વોટર રીચાર્જ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાની કામગીરી સોંપવા બાબત

**સંદર્ભઃ–** ૧. ઈ–ટેન્ડર નોટીસ નં. CE/HYD/10/2024-25
૨. સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૫૯૬/ ૨૦૨૪, તાઃ ૧૧.૧૦.૨૦૨૪

**મહાશય,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વરસાદી પાણીનો બિનજરૂરી વ્યય થતો અટકી શકે તેમજ મહત્તમ સરફેસ વોટરને ગ્રાઉન્ડ વોટર રીચાર્જ સિસ્ટમ મારફત જમીનમાં ઉતારીને ભુગર્ભજળનો જથ્થો વધારી શકાય તેવા હેતુસર ભારત સરકારનાં જલશકિત મંત્રાલયના જળ શકિત અભિયાન Catch The Rain : Where It Falls When It Falls ઝુંબેશ હેઠળ સમગ્ર શહેરમાં આવેલી સુરત મહાનગરપાલિકાની મિલ્કતોમાં ગ્રાઉન્ડ વોટર રીચાર્જ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત સ્મીમેર હોસ્પીટલ કેમ્પસ ખાતે ઉકત વિષયમાં જણાવેલા કુલ ૦૩ (ત્રણ) લોકેશન્સ પર ગ્રાઉન્ડ વોટર રીચાર્જ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રાઉન્ડ વોટર રીચાર્જ સિસ્ટમ બનાવવા માટેના યુનિટ રેટ સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં. ૧૫૯૬/ ૨૦૨૪, તાઃ ૧૧.૧૦.૨૦૨૪ થી અંદાજીત રકમ કરતા ૬.૭૦% નીચા ભાવે મંજુર કરવામાં આવેલ છે. જેમાં આપશ્રીનો માન્ય ઈજારદારશ્રીની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. સદર કામગીરી આપ ઉકત સંદર્ભ–૨ હેઠળથી મંજુર કરવામાં આવેલ ભાવો અને શરતોને આધીન કરવા માટે ઈચ્છુક હોય તો, આપનો સંમતિપત્ર આગામી ***તાઃ ૧૧.૧૧.૨૦૨૪*** સુધીમાં પબ્લીક ઈન્ફ્રાસ્ટ્રકચર સેલની કચેરીમાં જમા કરાવવા પ્રબંધ કરશોજી. નિયત સમયમર્યાદામાં સંમતિપત્ર ન મળ્યેથી સદર કામગીરી કરવા આપ ઈચ્છુક નથી તેમ સમજીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**બિડાણઃ–** ઉકત સંદર્ભ–૨ હેઠળના સ્થાયી સમિતિના ઠરાવની નકલ

**Sd/-**
**કાર્યપાલક ઈજનેર**
**પબ્લીક ઈન્ફ્રા. સેલ**
**સુરત મહાનગરપાલિકા**

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૧૧–૧૦–૨૦૨૪ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

* * * * * *

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૦–૧૦–૨૦૨૪ ના પત્ર નં.સી.સ્થા.સ./૪૩૯ થી વિદિત થઈ, સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં ગ્રાઉન્ડ વોટર રીચાર્જ સીસ્ટમ બનાવવા માટે યુનિટ રેઈટ નકકી કરવાના કામે ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરી માંગવામાં આવેલ ટેન્ડરોના સંદર્ભમાં નિયત સમયમર્યાદામાં આવેલ કુલ–૯૯ ટેન્ડરો પૈકી કવોલિફાઈડ થયેલ થયેલ કુલ–૯૦ ટેન્ડરો અંગે મ્યુ.કમિશનરશ્રીએ તેમના ઉકત પત્રથી રજુ કરેલ સઘળી માહિતી ધ્યાને લઈ, આ કામે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવે છે.

(૧) આ કામે લોએસ્ટ ટેન્ડરર JNP infrastructure, સુરતને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૨૪,૯૪,૨૩૨–૦૪ થી ૬.૭૦% નીચા ભાવે એટલે કે રૂા.૨૩,૨૭,૧૧૮–૪૯ ના ખર્ચે ઉકત કામ સોંપવાનું તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨) આ કામે આવેલ લોએસ્ટ ટેન્ડરરના ભાવ યુનિટ રેઈટ મુજબ દરખાસ્તના પરિશિષ્ટમાં સામેલ અન્ય ટેન્ડરર ટેન્ડરમાં સમાવિષ્ટ શરતો અને સ્પેશીફીકેશન મુજબ સંમતિ આપે તો તેઓને એમ્પેનલ લીસ્ટમાં આમેજ કરવાનું મંજુર કરવામાં આવે છે.

(૩) ઉપરોકત મુદ્દા નં.(૧) માં જણાવેલ ભાવને ૨(બે) વર્ષ માટે અથવા નવા યુનિટ રેઈટ મંજુર ન થાય એ બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધી યુનિટ રેઈટ તરીકે મંજુર કરવામાં આવે છે.

(૪) વધુમાં ભવિષ્યમાં આ પ્રકારની કામગીરી કરવા સક્ષમ તેમજ અનુભવી અન્ય ઈજારદાર સદર યુનિટ રેઈટના ભાવે ટેન્ડરમાં સમાવિષ્ટ શરતો અને સ્પેશીફીકેશન મુજબ સંમતિ આપે તો ઉપરોકત ઈજારદારો સાથે જે તે ઈજારદારને પણ માન્ય ગણવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૫) સદર નક્કી થયેલ યુનિટ રેઈટ સુરત મહાનગરપાલિકાના જનભાગીદારી સહિતના તમામ કામોમાં માન્ય ગણવા.

ઠરાવ નં.૧૫૯૬/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

---

EX. ENG. (HED)

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Received On
Dt. 15/10/24
નં. સીસ્થાસ/61 686
તા. 15/10/2024
HIMANSHU AE (RAC) W/OS
08

(સહી)
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૫–૧૦–૨૦૨૪.

આર.એ.સી./૨/૯/ 632
તા. ૧૫/૧૦/૨૪

CE
-10-24

## પરિશિષ્ટ -૧

| Sr No. | Contractor Name | Sr No. | Contractor Name |
|---|---|---|---|
| 1 | A. V. PATEL | 46 | STHAPAN ENGINEER (Kamleshkumar Gondaliya) |
| 2 | A. V .SHIHORA | 47 | SUKHENDRAKUMAR VRUNDAVAN VARMA |
| 3 | AARK CONSTRUCTION COMPANY | 48 | SUNIL A. DOMADIA |
| 4 | A. L. PATEL | 49 | SURESH G. GONDALIYA |
| 5 | ANKIT BORING | 50 | SURYARAJSINH KANJIBHAI PARMAR |
| 6 | ARV CONSTRUCTION | 51 | THE BLUE PLANET ENGINEERING SERVICE |
| 7 | B. S. CONSTRUCTION CO. | 52 | TIWARI SANTOSH CONSTRUCTION |
| 8 | B. K. CONSTRUCTION | 53 | UMESH MANSUKHBHAI MALAVIYA |
| 9 | C. R. INFRA | 54 | UNIVERSE CONSTRUCTION |
| 10 | CRYSTAL ENERGY ENTERPRISE | 55 | GAYWALA CONSTRUCTION |
| 11 | DEVAL R. HINGARAJIYA | 56 | H. M. RAJWALA |
| 12 | DINESH R. MAURYA | 57 | HAMZA BUILDERS |
| 13 | DINESH R. PARMAR | 58 | HAREE STAR INFRASTRUCTURE PRIVATE LIMITED |
| 14 | DONGA NILESH GUNVANTBHA | 59 | HARESH CONSTRUCTION CO. |
| 15 | G. S. CONSTRUCTION | 60 | HIREN KISHORBHAI SAPARIYA |
| 16 | GAURANG K. KHUNT | 61 | HITESH JAYANTIBHAI PATEL |
| 17 | GAURAV BUILDERS | 62 | ICONIC INFRASPACE |
| 18 | KANAK BUILDERS | 63 | INNOVATIVE ENERGY SOLUTIONS |
| 19 | KARTAVYA KALUBHAI SORATHIYA | 64 | JANAK CONSTRUCTION |
| 20 | KAUSHAL DEVIDAS HARPALANI | 65 | JAY PRAKASHBHAI TILARA |
| 21 | KEYUR B. PATEL | 66 | JIGNESH VINUBHAI SHIROYA |
| 22 | KISHAN J. KORAT | 67 | JNP INFRASTRUCTURE |
| 23 | KRUPA ENGINEERING | 68 | K. K. SAVALIYA |
| 24 | KUMAR CONSTRUCTION | 69 | NEW WATER WORLD |
| 25 | KUNJANKUMAR H. RAMANI | 70 | NIRAVBHAI ASHOKBHAI PATEL |
| 26 | M/S SHREENATH CONSTRUCTION | 71 | NPMUNGRA |
| 27 | MAA CONSTRUCTION | 72 | P. DAS INFRASTRUCTURE PRIVATE LIMITED |
| 28 | MAA SHAKTI CONSTRUCTION | 73 | PARAS BAKULBHAI SAVANI |
| 29 | MAYUR D. GAJERA | 74 | PATEL SANKET HASAMUKHBHAI |
| 30 | MS J. N. BHANDERI | 75 | PATEL YASH VISHNUBHAI |
| 31 | MS M. B. DOBARIYA | 76 | PAYAL CONSTRUCTION CO. |
| 32 | MS. SAVALIA JAYSUKH M. | 77 | PRAGNA BUILDCON |
| 33 | N. P. RUPAVATIYA | 78 | PRAGNA AGENCY |
| 34 | NANDINI CORPORATION | 79 | PURE TECHNOLOGIES |
| 35 | RAIWOHA GEOTECH | 80 | RADHE CONSTRUCTION |
| 36 | RAJ ALKESHBHAI PATEL | 81 | VIJAY B. PARMAR |
| 37 | RAMANI DARSHAK VINUBHAI | 82 | VIJAY VAGHASIYA |
| 38 | RAVINDRA S. SHINDE | 83 | VIJAYBHAI BABURAO WALHE |
| 39 | RAVINDRA V. KHAIRNAR | 84 | VIPUL BATUKBHAI KUMBHANI |
| 40 | RUPPELLS CONSTRUCTION | 85 | VISHAL D. DOBARIYA |
| 41 | S.MEERA CONSTRUCTION COMPANY | 86 | VRAJ CONSTRUCTION |
| 42 | SANDIP MUKESHBHAI KUMBHANI | 87 | Y. M. CONSTRUCTION |
| 43 | SHAUNAK CHHAGANBHAI VAGHANI | 88 | ZEEL CONSTRUCTION |
| 44 | SOHIT GANESHKUMAR GANDHI | 89 | RADHE CONSTRUCTION |
| 45 | SQUARE CONSTRUCTION | 90 | K. L. SORATHIYA |